सा विद्या या विमुक्तये

# શારદ

વાર્ષિક અંક, માર્ચ, ૨૦૧૬ – વર્ષ ૩૪, અંક ૩




ઈનામ વિતરણ કાર્યક્રમ



નાયબશિક્ષણમંત્રીશ્રી નાનુભાઈ વાનાણી તરફથી ઈનામ મેળવતા ભાઈ ખંજન હાડા







**Let us think before we act: 'ખરીદી કરતા પહેલાં વિચાર કરવો' કાર્યક્રમ**

सा विद्या या विमुक्तये

# શારદ

શારદામંદિર, અમદાવાદ

વાર્ષિક અંક
માર્ચ ૨૦૧૬
વર્ષ ૩૪, અંક ૩


## પ્રસ્તાવના



વ્હાલા વિદ્યાર્થીમિત્રો, વાલીગણ, મારા શિક્ષકમિત્રો અને શાળામિત્રો,

આજના આ પ્રસંગે આપની સામે ઉપસ્થિત થતા આનંદની લાગણી અનુભવું છું. જ્યારે પણ શારદામંદિર સાથે સંકળાયેલ પરિવારનો સભ્ય મળે, ત્યારે પ્રથમ વાક્ય એ આવે કે શારદામંદિર પહેલાના જેવી ચાલે છે? મારો જવાબ ટૂંકમાં હોય કે હા, આજે પણ જૂની ચાલતી ઘણી બધી પ્રવૃત્તિઓ ચાલુ છે અને તેમાં એન.સી.સી., ક્રિકેટ અને વિજ્ઞાનમેળા જેવી પ્રવૃત્તિઓનો ઉમેરો કરવામાં આવ્યો છે. વિજ્ઞાનમેળામાં વિદ્યાર્થીઓના કૌશલ્યના તેમજ વૈજ્ઞાનિક જ્ઞાન અને વિજ્ઞાન પ્રત્યેની અભિરુચિના દર્શન થાય છે.

વ્યાયામ વિદ્યાલયોનું અસ્તિત્વ રહ્યું નથી, તેથી વ્યાયામ શિક્ષકો મળતા બંધ થયા -શારીરિક ક્ષમતામાં ઘટાડો થઈ રહ્યો છે. વિદ્યાર્થી 'sound mind in sound body'થી દૂર થઈ શારીરિક શ્રમ તથા કસરતની ઉપેક્ષા કરી ફક્ત અભ્યાસલક્ષી બન્યો છે. સરકારશ્રીનો અભિગમ પણ હવે બદલાયો છે. સાયન્સના વિદ્યાર્થીઓ માટે બોર્ડ જે પ્રેક્ટીકલ પરીક્ષાઓ લેતું હતું, તે હવે મરજિયાત બનાવી દેવામાં આવ્યું છે. ધોરણ ૧૦માં પણ કમ્પ્યૂટર, શારીરિક શિક્ષણ, ચિત્ર, સંગીત હવે મરજિયાત બનાવી દેવામાં આવ્યાં છે. સેમેસ્ટર સિસ્ટમ પધ્ધતિ 'ટૂંકાગાળા માટે યાદ રાખો અને ભૂલી જાઓ' તેવી બની રહી છે.

શાળા દ્વારા ઉજવાતા સ્થાપનાદિન તેમજ અન્ય તહેવારોલક્ષી કાર્યક્રમો તથા જુદી જુદી શાળાકીય સ્પર્ધા તથા અન્ય સંસ્થાઓ દ્વારા આયોજિત સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થીઓ ભાગ લઈને શાળાનું ગૌરવ વધારી રહ્યાં છે, તે આનંદની વાત છે.

વર્તમાન સમયમાં જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહ્યો છે. વિદ્યાર્થી બધેથી જ્ઞાન મેળવી રહ્યો છે. શાળા પાસે જે મહત્ત્વનું કામ છે, તે છે, વિદ્યાર્થીઓને સંસ્કાર આપવાનું તથા તેમનું ઘડતર કરવાનું -જે આજના તબક્કે શારદામંદિરમાં થઈ રહ્યું છે. અને કેમ ન થાય? શારદામંદિરના પાયામાં, તેની રજેરજમાં તે રહેલું છે અને આશા છે કે તે અવિરતપણે ચાલુ રહેશે. હાલના તબક્કે વાલીઓ સાથે મીટીંગ કરવામાં આવે છે અને તેમાં, બાળકના ભણતરના પ્રશ્નો તથા તેમની અન્ય મૂંઝવણ માટે મુક્ત મને ચર્ચા કરી, માર્ગદર્શન આપી, તેનો ઉકેલ લાવવામાં આવે છે -જેનો પ્રતિભાવ સારો સાંપડ્યો છે અને વાલીઓનો સંસ્થા સાથેનો સેતુ મજબૂત થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. સજાગ વાલી તરીકે, શાળા, શિક્ષક અને વર્ગખંડ સાથે જોડાઈ, આ મહાયરીમાં આગળ વધીશું.

*-વિજયભાઈ રાવલના વંદન.*
*(આચાર્ય)*

*નવા શૈક્ષણિક સત્રની શરૂઆત:*




*તા. ૬-૬-૨૦૧૬, સોમવારથી.*

## આ અંકમાં


૧ પ્રસ્તાવના
૨ અભિનંદન
૩ પ્રવૃત્તિઓ
૪ નિબંધ
૫ અહેવાલ
૬ પ્રવચન: મારી શાળા
૭ પ્રવચન: ૨૫મો કલાક
૮ સંસ્મરણોની વણઝાર
૯ ગણિત ગમ્મત
૧૦ અગત્યની સૂચનાઓ
૧૧ શ્રદ્ધાંજલિ

# અભિનંદન ! Congratulations !



ખંજન હાડાઃ
૨૦૧૪-૧૫ના વિશિષ્ટ ખેલાડી
'આઉટસ્ટેન્ડીંગ સ્પોર્ટ્સપર્સન'

ખંજન હાડા (ધો.૭)ને અન્ડર-૧૩ રોલર સ્કેટિંગ સ્પર્ધામાં સરદાર પટેલ એવોર્ડ (જુનિયર) ટ્રોફીરૂપે પ્રદાન કરવામાં આવ્યો હતો. નાયબ શિક્ષણમંત્રી શ્રી નાનુભાઈ વાનાણી તરફથી ચેક દ્વારા રૂપિયા ૨૫,૦૦૦/-, ટ્રોફી, તેમજ બ્લેઝર-સુટનું કાપડ ઈનામ તરીકે આપવામાં આવ્યું હતું. આ પહેલાં ખંજન હાડાએ ખેલમહાકુંભની ટ્રોફી, નેશનલ લેવલ પર બ્રોન્ઝ મેડલ તેમજ ખેલમહાકુંભ-૨૦૧૫માં બે ગોલ્ડ મેડલ પણ મેળવ્યાં છે.



દીપ કાપડિયાઃ
૨૦૧૬ માટે ગોલ્ડ મેડલ, કરાટે

દીપ કાપડિયા (ધો.૧૧)એ શીટો-રૂ-ઓપન કરાટે ચેમ્પીયનશીપ, ૨૦૧૬માં અન્ડર-૧૬ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે, તથા ઓલ-ઈન્ડીયા લેવલ પર, ભારતમાં ૭મું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

### વર્ષાંતે શાળાની આંતરગૃહ સ્પર્ધાનું પરિણામ

| શિશુમંદિર | | ગૃહ | પોઈન્ટ |
|---|---|---|---|
| | પ્રથમ | ગંગોત્રી | ૨૦૦ |
| | દ્વિતીય | રત્નદીપ | ૧૭૬ |
| | તૃતીય | ધવલગિરિ | ૧૭૨ |
| | ચતુર્થ | મેઘનાદ | ૧૩૨ |
| મોડર્ન સ્કૂલ | | ગૃહ | પોઈન્ટ |
| | પ્રથમ | કદમ્બ | ૧૭૫ |
| | દ્વિતીય | અમલતાસ | ૧૫૫ |
| | તૃતીય | પારિજાત | ૧૩૦ |
| | ચતુર્થ | પલાશ | ૧૨૫ |
| વિનયમંદિર | | ગૃહ | પોઈન્ટ |
| | પ્રથમ | ગીતગોવિંદ | ૨૧૩ |
| | દ્વિતીય | પદ્મપુકુર | ૧૯૮ |
| | તૃતીય | ચંદ્રમૌલિ | ૧૦૨ |
| | ચતુર્થ | મેઘદૂત | ૮૨ |

Results of Tata Motors Drawing Competition'15 -winners received waterbag as a prize:
1) Vinay Ramsingh Chauhan *(std.2-e)*
2) Mahima Bharatbhai Gupta *(std.9-e)*
3) Yesha Pareshbhai Patel *(std.10-e)*

Results of Akhil Hind Mahila Parishad Drawing Competition (Dec-15) -winners received cash prize of Rs.75/-:
*third:* Shah Nupur Sandeepbhai *(std.4-e)*

Results of Art Teacher's Association of Gujarat State drawing competition:
*bronze:* Kadia Zeel Siddharthbhai *(std.5-e)*
*silver:* Patel Om Kaushalbhai *(std.7-e)*
*gold:* Shah Chaitree Abhaybhai *(std.8-e)*

Sponteneous drawing competition:
*gold:* Shah Hetanshi Sanjaybhai *(std.7-e)*

# પ્રવૃત્તિઓ

બાલમંદિર:

| | |
|---|---|
| તા.૧૩-૧-૧૬ | ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી, જેમાં બાળકોએ પતંગના ગીતો ગાઈ, 'એ...કાટ્ટા..'ની બૂમોથી ક્રિડાંગણ ગજવી મૂક્યું. શીંગના લાડુનો નાસ્તો કરવાની મજા માણી. સમૂહ કસરતનું આયોજન કરવામાં આવ્યું. |
| તા.૨૩-૧-૧૬ | બાળકોએ 'દલા તરવાડી' પપેટ નિહાળવાની મજા માણી. |
| તા.૨૫-૧-૧૬ | રાષ્ટ્રધ્વજમાં રંગપૂરણી કરી, બાળકોએ રાષ્ટ્રધ્વજ વિશે વક્તવ્ય આપ્યું, ત્રિરંગાને સલામી આપી અને રાષ્ટ્રગીત ગાયું. |
| તા.૨૯-૧-૧૬ | ગાંધી નિર્વાણ દિન નિમિત્તે બાળકોએ ભજન અને ધૂન ગાઈ, બે મિનિટ મૌન પાળ્યું અને લાડલા બાપુને શ્રદ્ધાંજલિ આપી. |
| તા.૮-૨થી તા.૧૧-૨ | તાલીમના બાળકો માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. |
| તા.૧૨-૨-૧૬ | વસંતપંચમી નિમિત્તે સરસ્વતી પૂજન કરવામાં આવ્યું હતું. |
| તા.૧૯-૨-૧૬ | ચિત્ર હરીફાઈ યોજવામાં આવી, જેમાં બાળકોએ પોતાની કલ્પનાશક્તિ પ્રમાણે સુંદર રંગો પૂર્યાં હતાં. |
| તા.૨૧-૨-૧૬ | માતૃભાષાદિન નિમિત્તે માતૃભાષાનું મહત્ત્વ સમજી, બાળકોએ લેખન અને વાંચન કર્યું. |
| તા.૧-૩-૧૬ | બાલમંદિરમાં વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં 'રમતાં રમતાં વિજ્ઞાન' અંતર્ગત, બાળકોએ અવનવા પ્રયોગો બતાવી, દરેકના મન મોહી લીધા. |
| તા.૫-૩-૧૬ | શિવરાત્રી પર્વ નિમિત્તે બાળકોએ 'સાચાંબોલાં હરણાં' નાટક જોવાની મજા માણી. ભગવાન શંકરની ધૂન ગાઈ, બાળકોએ તહેવારનું મહત્ત્વ જાણ્યું. |
| તા.૧૨-૩-૧૬ | તાલીમના બાળકો માટે ગ્રુપફોટાનું આયોજન કરવામાં આવ્યું હતું. |
| તા.૧૫-૩-૧૬ | સુલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. |
| તા.૨૧-૩-૧૬ | બાળકોએ હોલીકા-દહનની જાણકારી મેળવી અને 'ભક્ત પ્રહલાદ' નાટક જોયું. આ રીતે પર્વનું ધાર્મિક મહત્ત્વ જાણ્યું. તે પછી હોળીના ગીતો ગાયા અને ગુલાલથી હોળી રમવાની મજા માણી. હોળીના દર્શન કરી, ધાણી, ચણા, ખજૂરનો પ્રસાદ લીધો. |






# પ્રવૃત્તિઓ

શિશુમંદિર:

તા.૧૬-૧-૧૬ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત એકપાત્રીય અભિનયની સ્પર્ધામાં શારદામંદિર શિશુમંદિર અને શારદામંદિર મોડર્ન સ્કૂલના પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ધોરણ ૫,૬,૭ ના વિભાગમાં ગાંધી મિત રૂપેશભાઈએ સફાઈ-કામદારનો અભિનય કરી, તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ધોરણ ૩,૪ ના વિભાગમાં ગોહેલ કીર્તન સચીનભાઈએ નારદનું પાત્ર ભજવ્યું અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.



તા.૧-૧-૧૬ વિદ્યાર્થીઓએ કરેલા પ્રોજેકટ અને વિજ્ઞાનમેળાના આયોજનમાં વાલીગણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

તા.૪-૧-૧૬ ધો.૫ થી ૭ ના વિદ્યાર્થીઓનો કાયાવરણ-પોઈચા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

તા.૪-૧-૧૬ અખિલ હિંદ મહિલા પરિષદ આયોજિત ચિત્ર સ્પર્ધા-૨૦૧૫ના પરિણામો:
*દ્વિતીય:* કાવઠિયા જૈની મિતેષભાઈ (ધો.૨)
*તૃતીય:* ગજ્જર બંસરી જિજ્ઞેશભાઈ (ધો.૪)

તા.૧૨-૧-૧૬ ટેબલ ડેકોરેશન સ્પર્ધાના પરિણામો:
*પ્રથમ:* ચુડાસમા આર્યરાજ પ્રવિણસિંહ (ધો.૬અ, રત્નદીપ)
*દ્વિતીય:* પરીખ સિધ્ધિ અલ્પેશભાઈ (ધો.૭બ, ગંગોત્રી)
*તૃતીય:* શાહ ભાવિ શ્રેણિકભાઈ (ધો.૭બ, ધવલગિરિ)
શાહ ક્રિશ્ના મનિષભાઈ (ધો.૭બ, મેઘનાદ)

તા.૨૦-૧-૧૬ શાળાની આંતરગૃહ નિબંધ સ્પર્ધાના પરિણામો:

*ગુજરાતી:*
*પ્રથમ:* શાહ વાદન હિતેશભાઈ (ધો.૭અ, ગંગોત્રી)
*દ્વિતીય:* શેલાર આસ્થા યોગેશભાઈ (ધો.૬અ, રત્નદીપ)
*તૃતીય:* વોરા કથન કૌશલભાઈ (ધો.૮બ, રત્નદીપ)
ચુડાસમા દ્વિજા પ્રવિણસિંહ (ધો.૮બ, રત્નદીપ)
દેસાઈ દેવાંશી સાગરભાઈ (ધો.૮બ, મેઘનાદ)

*હિન્દી:*
*પ્રથમ:* ચૌહાણ મીતાલી ટીલસિંહ (ધો.૮બ, મેઘનાદ)
*દ્વિતીય:* પટેલ કુશ પ્રસન્નકુમાર (ધો.૮બ, રત્નદીપ)
*તૃતીય:* સોની પ્રાચી આનંદભાઈ (ધો.૭બ, ગંગોત્રી)
કુકડિયા વૃષિકા નેહલભાઈ (ધો.૮બ, મેઘનાદ)

*અંગ્રેજી:*
*પ્રથમ:* દવે જીત નિલેશભાઈ (ધો.૭બ, મેઘનાદ)
*દ્વિતીય:* પટેલ ધ્યાની દીપકભાઈ (ધો.૮અ, ધવલગિરિ)
જોષી દેવાંશી દીપકભાઈ (ધો.૮બ, ગંગોત્રી)
*તૃતીય:* શાહ સપન પ્રશાંતભાઈ (ધો.૮અ, રત્નદીપ)

તા.૨૨-૧-૧૬ રાષ્ટ્રીય મતદાન દિવસ, ૨૦૧૬ની ચૂંટણી વિષયક કવીઝ સ્પર્ધામાં વિજેતા ટીમ:
સોની પ્રાચી આનંદભાઈ (ધો.૭)
રસાણિયા આયુષી કમલભાઈ (ધો.૭)

તા.૪-૨-૧૬ ગુજરાત રાજ્ય ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૨૦૧૫માં શાળાના ૧૦૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. અને તેમાં શાહ વાદન હિતેશભાઈ (ધો.૭અ)એ તાલુકા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી રાજ્યકક્ષામાં ભાગ લીધો અને શાળાને ગૌરવ અપાવેલ. ખૂબ ખૂબ અભિનંદન.

# પ્રવૃત્તિઓ

ફેબ્રુઆરી-૧૬ ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ દ્વારા આયોજીત ચિત્રસ્પર્ધામાં:

*પ્રથમ:* જોશી દેવાંશી દીપકભાઈ (ધો.૮બ) ગોલ્ડ મેડલ
*દ્વિતીય:* દવે જીત નિલેશભાઈ (ધો.૭બ) સિલ્વર મેડલ
*તૃતીય:* શેલાર આસ્થા યોગેશભાઈ (ધો.૬અ) બ્રોન્ઝ મેડલ

તા.૨૦-૨-૧૬ માતૃભાષા અભિયાન અંતર્ગત શાળામાં સુલેખન, વાંચન, કાવ્યપઠન સ્પર્ધા યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો.

તા.૨૯-૨-૧૬ આંતરગૃહ વકતૃત્વ સ્પર્ધાના પરિણામો:

*પ્રથમ:* શાહ વાદન હિતેશભાઈ (ધો.૭અ, ગંગોત્રી)
*દ્વિતીય:* ભાવસાર મિસરી રાજેશભાઈ (ધો.૫અ,ગંગોત્રી)
*તૃતીય:* વ્યાસ માહિ ફાલ્ગુનભાઈ (ધો.૭બ, ધવલગિરિ)

તા.૨૦-૨-૧૬ Let us think before we act:

વિદ્યાર્થીઓને જાહેરખબરને કેવી રીતે ઓળખવી તથા જરૂરિયાતને ધ્યાનમાં લઈ ખરીદી કરતા પહેલા વિચાર કરવો તે બાબતની સમજ ડો.ધીરેનભાઈ ગંજવાલા (ઓર્થોપેડીક સર્જન) અને ડો.હિમાંશુભાઈ (માનસિક રોગ નિષ્ણાત) તથા આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પ્રોફેસર શ્રી અતુલભાઈ ભટ્ટે આપી હતી. આ બાબતે વિદ્યાર્થીઓને સાબુ અંગેની જાહેરખબર બનાવવાનું કામ સોંપ્યું હતું અને બાળકોએ પોતાના અલગ અલગ ગૃપ સાથે ચર્ચા કરી, જાહેરખબર બનાવી હતી. આ દ્વારા બાળકોની સર્જનશક્તિ પ્રદર્શિત થતી હતી. આ કાર્યક્રમને ખૂબ જ સફળતા મળી હતી અને બાળકોમાં પ્રોજેક્ટ-વર્ક કરવાનો ઉત્સાહ દેખાતો હતો.

'વર્ષ દરમ્યાન વૃક્ષારોપણનું જતન કરવું', જેમાં ધો.૯-બની નીચેની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.

- ગાડે જૂહી મુકુન્દભાઈ
- મોદી નિર્મી ઈલેશભાઈ
- સોલંકી માહિ આશિષભાઈ
- શાહ જાહનવી સંજયભાઈ
- શાહ જીત્વી કલ્પેશભાઈ
- લાખાણી નીતાંશી કૌશિકભાઈ

**વિનયમંદિર:** માર્ગ સલામતી વિશે નિબંધ લેખનસ્પર્ધા:

*પ્રથમ:* ઠક્કર સૌરીન અશ્વિનભાઈ (ધો.૧૧અ)
*દ્વિતીય:* શાહ જીત્વી કલ્પેશભાઈ (ધો.૯બ)
*તૃતીય:* પરીખ રાજસી વ્રજેશભાઈ (ધો.૯અ)

જુદા જુદા વિષયો પર આંતરગૃહ નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવી, જેમાં ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

*અંગ્રેજી:* *પ્રથમ:* પટેલ હેત્વી બાબુભાઈ (ધો.૯બ, ચંદ્રમૌલિ)
*દ્વિતીય:* પુજારા પ્રણવ રઘુવીરભાઈ (ધો.૯ બ, પદ્મપુકુર)
શુક્લ પ્રકૃતિ કમલેશ (ધો.૯બ, પદ્મપુકુર)
*હિન્દી:* *પ્રથમ:* બ્રહ્મભટ્ટ હિમાદ્રી શૈલેષભાઈ (ધો.૯બ, ગીતગોવિંદ)
*દ્વિતીય:* બાવળિયા નિધિ જયસુખભાઈ (ધો.૯બ,પદ્મપુકુર)
શાહ જીત્વી કલ્પેશભાઈ (ધો.૯બ, પદ્મપુકુર)
*ગુજરાતી:* *પ્રથમ:* લાખાણી નિતાંશી કૌશિકભાઈ (ધો.૯બ, ચંદ્રમૌલિ)
*દ્વિતીય:* ગદાણી ખુશી ભાસ્કરભાઈ (ધો.૯બ, પદ્મપુકુર)
પરમાર મિતેષ બિપીનભાઈ (ધો.૯બ, ચંદ્રમૌલિ)

# Activities: Modern School

30-12-15 Inter group Sugam Sangeet Competition:
Sugam Sangeet means light  Indian classical vocal music. Several singing forms are developed over the years incorporating various folk, ghazals, bhajans etc. Students learn vocal music as a subject here and competitions are held every year.

*first:* Acharya Jalshree Zankrutbhai *(std.8, Parijat)*
*second:* Shah Krishi Vinitbhai *(std.9, Amaltas)*
Vyas Yuvraj Gaurangbhai *(std.8, Kadamb)*
*third:* Upadhyay Yajsi Yagneshbhai *(std.7, Amaltas)*
Kharate Shruti Sanjeevbhai *(std.8, Palash)*

12-1-16 Swami Vivekanand Jayanti is declared as International Youth day.
To celebrate the day, Inter house Eassy competition was held.

*first:* Vyas Yuvraj Gaurangbhai *(std.8, Kadamb)*
*second:* Shah Nisarg Nilaybhai *(std.9, Parijat)*
Shah Ansh Ajaybhai *(std.8, Parijat)*
*third:* Shah Dhruvi Manishbhai *(std.7, Parijat)*
Shah Virag Nipunbhai *(std.9, Kadamb)*
Nagar Himanshi Yogeshbhai *(std.8, Amaltas)*

16-1-16 Monoacting competition was organised by Gujarat Vishwakosh Trust. In this competition, Gandhi Meet Rupeshbhai *(std.5)* played a role of 'sweeper' and secured Third position and Gohel Kirtan Sachinbhai played as 'Narad' and secured Third position.

19-1-16 Kite making competition was held for all students of std.3 and std.4. Students used kite papers, stick, gum, thread scissors, etc. They worked with full concentration.

25-1-16 The Republic Day was celebrated by all students of Modern School by singing patriotic songs, playing patriotic play and performing group dance. The celebration created patriotic atmosphere and developed patriotic spirit in students.

17-2-16 Salad Decoration Competition: To make aware of the nutrition value of green vegetables and fruits the salad decoration competition was held. To present salad dish in decorative form is an art. All the participants, boys, and girls peeled vegetables, cut fruits, chopped cabbage and carrots themselves and then arranged in dish in a decorative form.

*first:* Parmar Honey Uditbhai *(std.7, Parijat)*
*second:* Shah Dhruvi Manishbhai *(std.7, Parijat)*
Shah krishi Vinitbhai *(std.9, Amaltas)*
Shah Nishra Dipakbhai *(std.7, Amaltas)*
Jadeja karnavi Indrajitsinh *(std.9, Kadamb)*
Mehta Stuti Shodhanbhai *(std.7, Kadamb)*
Shah Parva Vipulbhai *(std.9, Amaltas)*
*third:* Rami Zubin Manojbhai *(std.9, Amaltas)*
Patel Shivam Chetanbhai *(std.8, Kadamb)*
Vyas Yuvraj Gaurangbhai *(std.8, Kadamb)*
Gupta Mahima Bharatbhai *(std.9, Amaltas)*
Thakore Shaivee Parjanyabhai *(std.9, Amaltas)*
Shah Pratik Gaurangbhai *(std.9, Parijat)*
Shah Nisarg Nilaybhai *(std.9, Parijat)*

## Activities: Modern School

20-2-16 A seminar titled as "Let's enjoy but think before act" was conducted by Mr.Atul Bhatt, past student of Shardamandir, Dr. Himanshu Desai, psychiatrist, and Dr.Dhiren Ganjwala, orthopaedist. The seminar was about the impact of advertisements, released by media. It was presented with an interesting presention and then there was a discussion with students on how one should consider the advertisements.

26-2-16 Elocution Competition was held for students of std.3 and std. 4. Total 23 students participated.

29-2; 1-3-16 Sports days were organized for two days. Boys played *kabbadi* and dodgeball and girls played *kho-kho* and dodgeball.They also played shot-put, long-jump, race and enjoyed slow-cycling. Before starting the games, players took oath.

---

### EHF and Modern School

Edu Heal Foundation (EHF) is a registered NGO promoted by leading educationalists, corporate heads and media doyens. EHF conducts 8 olympiads annually for subjects English, Maths, Science, G.K. etc. 25 students of Shardamandir Modern School participated for Olympiads Level-1 (Nov-Dec) 2015.

Following students received Gold medal for National Interactive Maths Olympiad - NIMO:

1) Solanki Smit Bhaveshbhai (std.5)
2) Gajjar Parth Bhavik (std.7)
3) Vaishnav Sneh Bharatbhai (std.8)
4) Bhatt Purnendu Deven (std.9)
5) Shah Nisarg Nilaybhai (std.9)
6) Shah Pratik Gaurangbhai (std.9)

Following students received Gold medal for National Interactive Science Olympiad - NISO:

1) Patel Om Kaushalbhai (std.7)
2) Vyas Yuvraj Gaurangbhai (std.8)
3) Bhatt Kush Mitesh (std.9)

Following students received Gold medal for International G.K.Olympiad - IGO:

1) Shah Dhruvi Manishbhai (std.7)
2) Dave Harshal Janardan (std. 9)



*Winners of: NIMO*



*Winners of: IGO*



*Winners of: NISO*

# પ્રવૃત્તિઓ – વર્ષ ૨૦૧૫-૨૦૧૬

| માસ | વિભાગઃ શિશુમંદિર | વિભાગઃ વિનયમંદિર | વિભાગઃ મોડર્ન સ્કૂલ | સમૂહ પ્રવૃત્તિ |
|---|---|---|---|---|
| મે-જૂન | | » વાલી મીટીંગ<br>» ગો-ગ્રીન કાર્યક્રમ | » International Yoga Day<br>» Go Green | » યોગ કાર્યક્રમ |
| જુલાઈ | » નિબંધ સ્પર્ધા<br>» વૃક્ષારોપણ<br>» સંસ્કૃત શ્લોકપઠન<br>» મહેંદી સ્પર્ધા | » મહેંદી સ્પર્ધા,<br>» વૃક્ષારોપણ<br>» ક્વિઝ કોમ્પિટિશન<br>» વક્તૃત્વ સ્પર્ધા<br>» સ્માર્ટ સ્ટુડન્ટ કાર્યક્રમ | » Gurupurnima mahotsav<br>» Mind-Power seminar<br>» Smart Student<br>» Mehndi competition<br>» Navneet drawing competition | » ગુરુપૂર્ણિમા ઉજવણી<br>» માઈન્ડ પાવર કાર્યક્રમ |
| ઑગસ્ટ | » નિબંધ સ્પર્ધા<br>» રાખડી સ્પર્ધા | » રાષ્ટ્રીય સમૂહગાન<br>» વ્યસનમુક્તિ સેમિનાર | | » ૯૨મા સ્થાપનાદિનની ઉજવણી<br>» સ્વાતંત્ર્યદિન -ધ્વજવંદન |
| સપ્ટેમ્બર | » પારણા-પંચાજીરી સ્પર્ધા<br>» નંદાવર્ત સાથિયા હરીફાઈ<br>» મહાવીર વાંચન-સ્તવન | » શિક્ષકદિન<br>» વક્તૃત્વ સ્પર્ધા | » Essay competition<br>» Elocution competition<br>» Maths-Science Fair | » જન્માષ્ટમીની ઉજવણી |
| ઓક્ટોબર | » આરતી-તોરણ સ્પર્ધા<br>» રંગોળી-દિવાળી કાર્ડ સ્પર્ધા | | » Aarti Thali Decoration | » |
| નવેમ્બર | સુગમ સંગીત | » માર્ગ સલામતી સપ્તાહ<br>» બેંકની મુલાકાત | » Rangoli competition | » શિક્ષકો માટે ટ્રેઈનીંગ |
| જાન્યુઆરી | » વિજ્ઞાન મેળો<br>» અખિલહિંદ ચિત્રપરીક્ષા<br>» નિબંધ સ્પર્ધા | | | » ૩૦ જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન |
| ફેબ્રુઆરી | | » મીડિયા કાર્યક્રમ | » મીડિયા કાર્યક્રમ | |

## વાલી પ્રતિભાવ (બાલમંદિર)

*-પ્રતિભાવપોથીમાંથી*

*શારદામંદિર શાળામાં દરેક શિક્ષકોનો સ્વભાવ ખૂબ જ પ્રેમાળ છે. તેઓ બાળકોનું ખૂબ જ ધ્યાન રાખે છે. પ્રવૃત્તિઓ પણ ખૂબ જ સરસ થાય છે, જેથી બાળક પહેલેથી જ સ્ટેજ પર કાર્યક્રમ કરવા તૈયાર થઈ શકે છે. આ એક સારી બાબત છે. શાળાનું વાતાવરણ પણ આનંદમયી હોય છે. ભણતરની બાબતમાં પણ શિક્ષકો ખૂબ જ સારી રીતે ભણાવે છે. જ્યાં સુધી બાળકને ન આવડે, ત્યાં સુધી શીખવાડે છે. બાળક પાસેથી પ્રેમથી પ્રવૃત્તિ કરાવવી, એ ખરેખર ખૂબ જ સારું છે. બાળક એકબીજામાં ભળતા શીખે છે. બીજાને મદદરૂપ થવાનું શીખે છે. ખરેખર શારદામંદિર બાલમંદિર એ બાળકના ઘડતર માટે ખૂબ જ સુંદર શાળા છે.*

*– અંકિતાબહેન (સંસ્કૃતિ વિશાલભાઈ પરમાર)*

*તહેવારો વિશે માહિતી અને કાર્યક્રમો ખૂબ સારા હોય છે અને તે અમને બહુ ગમે છે. અભ્યાસમાં મહેનત સારી કરાવે છે. શિક્ષકોનો અભિપ્રાય મળે છે અને સહકાર સારો સાંપડે છે.*

*–અમિષા ટી.ભટ્ટ*

*શારદામંદિર શાળા ખૂબ જ સરસ છે. બાળકોને સારું જ્ઞાન મળે છે. શાળામાં બધાં જ પ્રકારની પ્રવૃત્તિઓ કરાવે છે. શિક્ષકો ખૂબ જ મહેનત કરાવે છે. શિક્ષક સારી સમજ આપે છે. શાળા અને શિક્ષકો ખૂબ સરસ છે.*

*–નીધિ દર્શનકુમાર ત્રિવેદી*

*નિબંધ:*

## મને શું થવું ગમે?

ધ્યેય વિનાનું જીવન સુકાન વગરની નાવ જેવું છે. ધ્યેય જીવનને ગતિ, દિશા અને ઉત્સાહ બક્ષે છે. ક્યારેક માનવીએ મહાન ધ્યેયનો પણ સ્વીકાર કરવો પડે. હું મોટો થઈ શિક્ષક બની, સમાજસેવાનું કાર્ય કરીશ. શિક્ષક બની હું બાળકોને ભણાવીશ, તેમનું જીવન ઉજ્જ્વળ બનાવીશ.

આજના જમાનામાં શિક્ષકને બેન્કના પટાવાળા કરતાંય ઓછો પગાર મળે છે. માટે શિક્ષકો ખાનગી ટ્યૂશન કરતા થયા છે. આ ધંધામાં મંદી નથી. પરિણામે શિક્ષક એક વ્યવસાય બની ગયું છે. શિક્ષણ એ વ્યવસાય નથી, પરંતુ જીવનધર્મ છે, તે હું પૂરવાર કરીશ. શિક્ષક એટલે શિ (શિસ્ત), ક્ષ (ક્ષમા) અને ક (કળા)નો સમન્વય. આમ હું શિક્ષણજગતની બદીને દૂર કરીશ.

> શિક્ષક એટલે શિ (શિસ્ત), ક્ષ (ક્ષમા) અને ક (કળા)નો સમન્વય

મારા મતે આદર્શ વિદ્યાર્થી એટલે શ્રેષ્ઠ વિદ્યાર્થી. તે માત્ર પોપટિયું જ્ઞાન કે પુસ્તકીયું જ્ઞાન ધરાવતો કીડો નથી હોતો. તે ઈતર-વાંચન કરે, રમત-ગમતમાં પણ ભાગ લે, સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજે અને ચિત્રકલા, વક્તૃત્વ, નિબંધ વગેરેમાં પણ ભાગ લે. હું દરેક વિદ્યાર્થીને આવો શ્રેષ્ઠ વિદ્યાર્થી બનાવીશ. તે વ્યસનથી દૂર રહે, તે માટે પણ હું જાગ્રત રહીશ.

ભણાવતી વખતે હું મારું હૃદય સાગર જેવડું વિશાળ રાખીશ. હું શિસ્તનો પ્રખર હિમાયતી છું. પરંતુ હું વિદ્યાર્થીઓ પર ક્યારેક જ ગુસ્સે થઈશ કારણકે હું આજના વિદ્યાર્થીઓની સમસ્યા સમજું છું. આજની પરીક્ષા-પદ્ધતિએ વિદ્યાર્થીને મૂંઝવી નાંખ્યો છે. પાઠ્યપુસ્તકો, ટ્યૂશનોના ખર્ચા, માબાપની કમર તોડી નાખે છે. અને પછી તેઓ કહે છે, બેટા, કમરતોડ મહેનત કરજે.

પહેલાના જમાનામાં વિદ્યાર્થી ગુરુ (શિક્ષક) પાસે રહી, જીવન જીવવાના પાઠ પણ શીખતો હતો. શિક્ષક વિદ્યાર્થીને શાસ્ત્ર સાથે શસ્ત્રનું પણ જ્ઞાન આપતા. તેના દ્વારા સમાજને મહાન, પરાક્રમી અને નીડર રાજાઓ મળતા.

આમ, શિક્ષકમાં સમાજને હિટલર આપવાની તાકાત છે, તો ગાંધીજી આપવાની તાકાત પણ છે. આમ, હું વિદ્યાર્થીને ઉચ્ચ જીવનના પાઠ પણ શીખવીશ.

આજે દેશના સામાજિક દૂષણો-ભ્રષ્ટાચાર વિરુદ્ધ હું વિદ્યાર્થીઓને ભણાવીશ. દેશભાવના સાથે તૈયાર થયેલો નાગરિક કંઈક ખોટું કરતાં અટકશે અને અટકાવશે.

બાળકમાં આદર્શના બીજ નહીં વાવીએ તો આસપાસ બાવળના વન ઉગી નીકળશે. મારે ભાવિ પેઢીમાં સપનાનું વાવેતર કરીને હકીકતના ફળ લેવાનાં છે. સરિતાના વહેતા જળને જેમ તેનો કિનારો સંભાળી લઈ, તેની દિશા નક્કી કરે છે તેમ શિક્ષક વિદ્યાર્થીને સંભાળી તેની સફળતાની દિશા નક્કી કરે છે.

આમ, હું દેશની ભાવિ પેઢીને ઉજ્જ્વળ અને શ્રેષ્ઠ પેઢી બનાવીશ અને ભારતને વિશ્વના નકશામાં ઉચ્ચ સ્થાન અપાવીશ. મને આદર્શ શિક્ષક બનવું ગમશે.

*વાદન શાહ,*
*ધો.૭-અ, (ગંગોત્રી)*



પ્રજાસત્તાક દિન ૨૬-૧-૧૬ ધ્વજવંદન કાર્યક્રમ

## Students' Corner

essay

### Terrorism – a Global problem

Imagine if you are in a crowded market, watching a movie or if you are in a music concert and suddenly a bomb explodes. You see dead bodies lying all around. Lots of blood shedding all around. It will be a horrifying scenario. And suddenly a thought comes to your mind, "What made this terrorist kill innocent people? Why are they so cruel?" In any political establishment, there are legitimate legal and peaceful means of expressing displeasure or disagreement of certain policies of the rulers. The individual or a group can voice his protest and attract the attention of the government, in a non-violent manner and then get his demands accepted. This has been the norm of humans for centuries.

Yet, of late there has emerged a new 'method' adopted by some sections of society to make their voice heard. It is the path of terror. Terrorism is one of the biggest problems faced by the world today. Terrorists are groups of people, who make use of an extreme form of violence to raise their demands and to get them fulfilled.

While the US had to face 9/11 attacks, India too had faced brutal attacks of 26/11 and still continues to face regular attacks. There have been many operations taken on hand by various countries to curb the terrorism. For example, Osama-bin-laden was killed during an operation carried by the United States. Daud-Ibrahim is still in search. After ISIS bombing in Paris, France dropped bombs on ISIS buildings in Syria. But as a result the anger and frustration in the terrorist has increased, which is a big loss.

So what is a way out? Is there any solution to stop this menace? Well as we continue to search for an answer to this question, the first thing we can do is to defend ourselves from further attacks. Each country needs to strengthen its defence forces, police and judicial system and intelligence. We need to fortify our border and constantly monitor for any infiltration. Police and public alike, should be vigilant about any anti-social activity in the neighbourhood. Law must be made stricter and judicial process must be efficient, so that before anyone commits crime, he will know the consequences of his action. At a global level, countries must write to share intelligence and isolate nations who support terrorism.

Last but not the least, Government should sincerely look into the demands of the opposing group and bring up them to discussion table. It must work for the upliftment of the poor because it is the poorest section, who, out of frustration, often turn towards violence.

*Vyas Yuvraj Gaurangbhai*
*std.8-e*

## ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે ધ્વજવંદન કાર્યક્રમ શાળાના પ્રાંગણમાં યોજવામાં આવ્યો. સમગ્ર શાળા પરિવાર તથા વિદ્યાર્થીમિત્રોની હાજરીમાં ઉજવાયો. આ પ્રસંગની વિશેષતા હતી કે શાળામાં સૌ પ્રથમ સરકારશ્રીના આદેશને ધ્યાનમાં લઈ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને ઉચ્ચ ડીગ્રી ધરાવતા શ્રી ડો.વૈશાલીબેન પટેલના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. ડો. વૈશાલીબેન પટેલ વ્યવસાયે ડોક્ટર છે અને પાલડી વિસ્તારમાં તેમનું કલીનીક છે.

ઈનામ વિતરણ કાર્યક્રમ, તા.૧૬-૨-૧૬

શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિવિધ ઈતર પ્રવૃત્તિઓમાં આગવી સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શાળા તરફથી ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી ઓને રોકડ રકમ, મોમેન્ટો તથા સર્ટિફિકેટ આપવાનો કાર્યક્રમ યોજાયો.

S.S.C.E. અને H.S.C.E. બોર્ડ પરીક્ષા વર્ષ ૨૦૧૪-૧૫ના પરિણામ બાદ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓમાં શાળામાં પ્રથમ આવનાર તથા વિવિધ વિષયોમાં પ્રથમ આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને દાતાશ્રીઓ તરફથી મળતી રકમ ઉપરાંત શાળા તરફથી રોકડ રકમ, મોમેન્ટો અને સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું. તથા વર્ષ દરમ્યાન શાળા સિવાય બહારની વિવિધ પ્રવૃત્તિઓમાં પણ આગવી સિધ્ધિ પ્રાપ્ત કરનાર અને વિવિધ હરીફાઈઓમાં વિજેતાઓને વિદ્યાર્થીઓને રોકડ રકમ તથા મેડલ આપી નવાજવામાં આવ્યા.

શાળાના અન્ડર-૧૬ ક્રિકેટ ટીમના દરેક ખેલાડીને અવનવી સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ મેડલ આપવામાં આવ્યા.

આ પ્રસંગે આમંત્રિત મહેમાન ડો. કેયુરભાઈ શાહ કે જેઓ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને ચામડીના રોગોના નિષ્ણાત છે તેમનું તથા સંસ્થાના મંત્રીશ્રી ઉદયનભાઈ શાહ તથા ઉપપ્રમુખ ડો. સૂર્યકાન્તભાઈ પટેલનું શ્રી વિજયભાઈ રાવલે સ્વાગત કર્યું. મોડર્ન સ્કુલના આચાર્ય શ્રી પાયલબેન શાહે પુષ્પગુચ્છથી શ્રી કેયૂરભાઈનું અભિવાદન કર્યું. ડો.શ્રી કેયૂરભાઈએ પોતાના પ્રોત્સાહક પ્રવચનમાં કહ્યું કે કંઈ પણ નવું શીખવા માટે કોઈ ઉંમરનો કે કોઈ ભાષાના માધ્યમનો અવરોધ નડતો નથી અને વિદ્યાર્થીએ હંમેશા પોતાની જાત પર વિશ્વાસ રાખવો જોઈએ. મંત્રીશ્રી ઉદનયભાઈએ પણ વિદ્યાર્થીઓને અભિનંદન આપી એક ખૂબ રસપ્રદ વાત કહી કે સામાન્ય રીતે દિવસના ૨૪ કલાક હોય છે પણ તમે એક ૨૫મો કલાક ઉમેરો જે કલાક ફક્ત તમારી પ્રગતિ માટે જ વપરાય. શ્રી સ્મૃતિબેન પંચાલે આભારવિધિ કરી અને રાષ્ટ્રગીત બાદ કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## Teachers' Day (Report)



On 18th March, we celebrated the Teachers' Day. It was an auspicious opportunity for us all to rehearse as a teacher. Though the work was joyful, it was full of responsibilities and hardships. While performing as a teacher, I experienced many difficulties, which made me aware of those difficulties, which are experienced by our honourable teachers. They pave the path for us with tremendous efficiency, art, confidence, honesty, encouragement and righteousness. We salute such teachers.

The first difficulty was to prepare the content to be taught in the class. The content was easy to understand, but very difficult to explain. To come to school on time, was the next difficulty. The third difficulty was to perform the role of a teacher. When we entered the classroom, our heart throbbing increased due to lack of confidence and speech. The other difficulty faced was completing the lesson on time. Due to lack of preparation, the knowledge shop closes before time! Moreover, to handle the class and keep students busy was hard. By experience, I learnt that when teachers scold the students, the students feel guilty, even when the scolding is not coming from the heart of the teacher. Also when the students argue with the teacher, teacher pardons us all. This is the virtue of the teacher. And this, the greatest difficulty we had to face was to enrich ourselves with the treasure of virtues our teachers possessed.

In short, our teachers are the moulding us, they are the makers of our future life and characters.

*Purnendu D. Bhatt*
*(std.9-e)*

# મારી શાળા શારદામંદિર સાથેના મારા સંસ્મરણો

મારા ક્લિનીક ઉપર શ્રી વિજયભાઈ (આચાર્ય, શારદામંદિર) સાથે મારી મુલાકાત અનાયાસે જ થઈ ગઈ. એમની સેવા કર્યા પછી મેં મારી જાતને ધન્ય માની. હું વિજયભાઈના સંપર્કમાં હતો અને એક દિવસ શ્રી દિનુભાઈ દવે (શારદામંદિરના ભીષ્મ પિતામહ)નો ફોન આવ્યો હતો અને એમની ચામડીની તકલીફ માટે સાહેબને મળવા હું રૂબરૂ તેમના ઘેર ગયો હતો. એમની તકલીફ દૂર કરવાને મેં મારી જિંદગીની એક મોટી જીત ગણી. ૧૯૯૦માં ધોરણ ૧૨ પાસ કર્યા પછી શારદામંદિર સાથે મારો સંપર્ક તૂટી ગયો હતો. થોડી ઘણી વાતો સાંભળવા મળતી હતી પણ ૨૦૧૬ સુધી ક્યારેય સ્કુલે જવાનો મોકો મળ્યો નહતો, અથવા એમ સમજો કે મેં પોતે સ્કુલે જવાનો કોઈ પ્રયત્ન જ કર્યો નહતો.

એક દિવસ વિજયભાઈએ મને ફોન કરી, ઈનામ વિતરણ સમારંભમાં અતિથિવિશેષ તરીકે આવવા આમંત્રણ આપ્યું, જે મેં બહુ સહજભાવે સ્વીકારી લીધું.

તા.૧૬-૨-૧૬ના રોજ સવારે ૮.૪૫ વાગ્યે, આશરે ૨૫ વર્ષ પછી હું શારદામંદિરના કમ્પાઉન્ડમાં દાખલ થયો, જ્યાં વિજયભાઈ ખુદ મને રિસીવ કરવા ઊભા હતા. જૂની યાદો તાજી થઈ ગઈ. એ જ બિલ્ડીંગ, એ જ ઑફિસ, એ જ કલાસીઝ અને એ જ રમતગમતનું મેદાન. મારી સાથે બીજા મહેમાનોમાં માનનીય ડો.સૂર્યકાન્ત પટેલ અને આપણી શાળાના ટ્રસ્ટી, શ્રી ઉદયનભાઈ પણ હાજર હતા.

બરોબર ૯ વાગ્યે ઈનામ વિતરણ માટે અમે હોલમાં પ્રવેશ્યા. આ એ જ હોલ છે, જ્યાં જ્યારે અમે ભણતા હતા, ત્યારે દર શુક્રવારે બાલસભા યોજાતી હતી. અને તે વખતે એક સપનું હતું કે મારે પણ એકવાર સ્ટેજ પર જવું છે -પણ નહતી ખબર કે પચીસ વર્ષ પછી આ જ સ્ટેજ પર હું અતિથિવિશેષ તરીકે બેસીશ.

શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉમળકાભેર સ્વાગત કર્યું અને પછી ઈનામ વિતરણ સમારંભની શરૂઆત થઈ. વિદ્યાર્થીઓની ભણવામાં અને રમતગમતમાં સિદ્ધિઓ સાંભળી ખૂબ જ સુખદ લાગણી અનુભવી. આજે પણ આ સ્કુલમાં ભણતર, ગણતર અને ઘડતર એટલું જ સારું થાય છે.

ઈનામવિતરણ સમારંભમાં વિદ્યાર્થીઓને પ્રેરણા મળે, તે માટે મને બોલવા જણાવાયું. ઘણાં પ્રયત્નો પછી મેં મારા અનુભવો ગુજરાતીમાં કહ્યાં. મેં શીખેલી અને શીખવા જેવી કેટલીક વાતો મેં સંક્ષિપ્તમાં કહી, જેનો સાર નીચે પ્રમાણે છે:

૧. મીડીયમ અંગ્રેજી હોય કે ગુજરાતી, જિંદગીમાં આગળ વધવા માટે મીડીયમ વચ્ચે આવતું નથી.

૨. શીખવાની કોઈ ઉંમર હોતી નથી. જીવનમાં આગળ વધવા માટે કંઈ નવું શીખવાની જરૂર વર્તાય, તો ઉંમરની શરમ ન કરવી.



૩. જિંદગીમાં આગળ વધવા માટે દરેકને તક મળે છે. પણ જો એ તક છૂટી જાય, તો ચિંતા ન કરવી કારણકે એ તક ભલે પહેલી હતી પણ છેલ્લી નથી હોતી. પરંતુ તમે જે તકને પકડો, તેને પૂરી રીતે વળગી રહો, તેને છૂટવા ન દેવી.

૪. ભગવાનના ભરોસે ન રહેવાય પણ ભરોસાનું બીજું જ નામ ભગવાન છે. તકલીફમાં તમને મદદ કરનાર એક જ વ્યક્તિ છે -અને તે, તમે પોતે છો.

૫. આ સ્કૂલને સ્કૂલ નહીં, પણ મંદિર તરીકે જોજો. આ પુણ્યભૂમિ છે, જેણે સમાજને ઘણાં ડોકટરો, વકીલો, સીએ તેમજ બિઝનેસમેન આપ્યાં છે. આ ભૂમિ પર વિશ્વાસ રાખજો; તમારામાં વિશ્વાસ રાખજો, તો સમાજમાં એક પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે બહાર આવશો અને શારદામંદિરનું નામ રોશન કરશો.

આભાર.

*-ડો.કેયુર બી. શાહ*
*(સ્કીન સ્પેશીયાલિસ્ટ)*
*શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી*

# ૨૫ મો કલાક

"હવે તો ભઈસાબ આ ૨૪ કલાક પણ ઓછા પડે છે.. કશું પણ કરવાનો ટાઇમ જ રહેતો નથી...." આજકાલ આ શબ્દો સાંભળવાથી આપણા કાન ટેવાઇ ગયા છે. આપણે પણ ઘણીવાર એમ જ કહેતા હોઈએ છીએ.

સવાર પડી નથી અને આપણે સહુ સમયના ચકડોળમાં બેસીને ઘુમવા લાગીએ છીએ. સાંજ થતામાં ચક્કર આવી ગયા હોય, પણ કામ અધૂરા રહી ગયા હોય છે. મનમાં એક પ્રકારની ગૂંગળામણનો અનુભવ થયા કરે. વળી પાછો બીજો દિવસ; બીજું અઠવાડિયું; બીજો મહિનો; એમ ને એમ દિવસો ચાલ્યા જાય, પણ, ચકડોળમાંથી નીચે ન ઉતરાય. જીવન યંત્રવત બની જાય. ન રહે ઉમંગ, ન રહે જુસ્સો.. રહી જાય ફક્ત ગુસ્સો. "શું કરીએ...? ટાઈમ જ નથી."

મારા ખાસ મિત્રોમાંના એક છે, ડો.તેજસ નાયક. તેઓ ખૂબ જ કુશળ અને સફળ પિડીયાટ્રીક સર્જન (નવજાત શિશુઓની સર્જરી કરે) છે. ડોક્ટર હોવા છતાં તેમણે ખૂબ સુંદર ચિત્રકલા ઉપરાંત અનેકવિધ શોખ કેળવ્યા છે. એમણે એમના ઘરમાં એક કલાકૃતિનું સંગ્રહાલય બનાવ્યું. મને એ જોવાનો લ્હાવો મળ્યો. જોતાં જ હું આવાક થઇ ગયો. મારાથી પૂછાઈ ગયું, ડોક્ટર, તમે આના માટે સમય ક્યાંથી કાઢો છો..? તેમણે કહ્યું કે જો ઈચ્છા હોય તો સહુની પાસે સમય તો ઘણો હોય છે. દિવસના ફાલતૂ કામ જેવાકે ટીવી, છાપાં જોવાં, ગપ્પાં મારવાં (તે વખતે ઈન્ટરનેટ, ફેસબુક, વોટ્સએપ વિગેરે નહોતા.) -જેવાં કામોમાંથી દસ દસ મિનીટ કાઢીએ, તોયે કલાક મળી જાય.

તો આ છે, ૨૪ કલાકમાંથી ચોરેલો આ ૨૫મો કલાક, જે આપણા માટે ખૂબ જ કિંમતી છે. હવે આ કલાક ચોરી તો લીધો, પણ એને વેડફી કેમ દેવાય? હવે એનું કરીશું શું? એને ક્યાં ફાળવીશું?

કંઈપણ કરવા માટે સાધનોની ક્યારેય કમી હોતી નથી. માત્ર જિજ્ઞાસા હોવી જરૂરી છે. એ હોય તો માહિતીના ભંડારસમા ગુગલમાંથી અથવા પુસ્તકો, લાઈબ્રેરીઓમાંથી માહિતી ભેગી કરીને તેનું જ્ઞાનમાં પરિવર્તન કરી શકાય. ગુગલને ગુરુ બનાવવાને બદલે ગુલામ બનાવીએ,

- ◊ પહેલું તો, પેલા ચગડોળમાંથી નીચે ઉતરીએ.
- ◊ પછી કાંઈ નવું જાણીએ, શીખીએ, સમજીએ
- ◊ કોઈક એવો શોખ કેળવીએ, જેવો કે, સંગીત, ચિત્રકલા, નૃત્યકલા, હુન્નર અથવા રમતગમત, વગેરે. કારણ કે શોખ હંમેશાં જિંદગીભરનો સાથ નીભાવે છે. એની જરૂરિયાત ભણતર કરતા સહેજે ઓછી ન કહેવાય.
- ◊ પુસ્તકોને જિગરી દોસ્ત બનાવીએ. વાંચનના વમળમાં ઊંડી ડૂબકી મારવાથી ભાષા અને વિચારોનો અમૂલ્ય ખજાનો પ્રાપ્ત થાય છે.
- ◊ કોઈક ને મદદરૂપ થઈએ. કોઈક સારું કામ કરીએ કે જેનાથી આનંદ અનુભવાય.

**ગુગલને ગુરુ બનાવવાને બદલે ગુલામ બનાવીએ**

તો આપણામાં એક અનોખો શક્તિસંચાર થશે. આપણે પણ ખુદ્દાર બનીને કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા માટે શક્તિમાન બનીશું. આમ આપણો ૨૫મો કલાક આપણા ખાસ વ્યક્તિત્વને ખીલવશે. ઉન્નત મસ્તકે જીવતા શીખવશે.

*-ઉદયન શાહ*

**શું તમે શારદામંદિર પરિવારના -ભૂતપૂર્વ વિદ્યાર્થી છો?**

જો તમે શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી હો અને તમારા કંઈપણ સંસ્મરણો -લેખ, ફોટા, માહિતી, અનુભવો, યાદગીરી- 'શારદ'માં મોકલવા ઈચ્છતા હો, કે જેથી વિદ્યાર્થીઓને પ્રેરણા મળે, તો શારદામંદિર કાર્યાલયમાં અથવા શાળાની વેબસાઇટ લીન્ક,
http://sharadamandir.com/parivar/paststudents/
પરથી તે મોકલવા તમારું સ્વાગત છે.
તમારા લેખ સાથે તમારી ઓળખાણ, હાલની પ્રવૃત્તિ, કયા વર્ષમાં શાળામાંથી વિદાય લીધી (બેચ-યર) તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટો જરૂર મોકલજો.

# સંસ્મરણોની વણઝાર

શારદામંદિર સ્કૂલ શબ્દ સાંભળતાં જ રોમાંચનો અનુભવ થાય છે. અનેક સોનેરી સંસ્મરણોની વણથંભી વણઝાર આંખ સામેથી પસાર થઈ રહી છે. શારદામંદિર મારી માતૃભૂમિ છે. તેમાંથી મારા ભવિષ્યના સ્વપ્નોનું વાવેતર થયું છે. મારા માટે મારી શાળાનું વરિષ્ઠ-વિશિષ્ઠ મહત્વ એટલા માટે છે કે એમાં શિક્ષણ સાથે સંસ્કારોનું જે સીંચન થયું છે, તેનો મારી કારકિર્દી નક્કી કરવામાં, મારા વ્યક્તિત્વના ઘડતર કરવામાં, મારા વ્યક્તિત્વના ઘડતર કરવા માટેનો સિંહફાળો છે. મારા વડીલોએ મારા શિક્ષણ માટે શારદામંદિર સ્કૂલ નક્કી કરી એ વાતનો મને ગર્વ છે.

મારા વ્યક્તિત્વના વિકાસમાં મારા ગુરૂઓનો વિશેષ ફાળો રહ્યો છે. સ્વ.પૂ. દિનુભાઈ તથા શિક્ષકગણે ખૂબ પ્રેમથી મને આવકાર્યો. ભણતર સાથે ગણતરનું જ્ઞાન મેળવવા માટે પ્રોત્સાહિત કર્યો. એમને મને લાડ લડાવ્યા, પ્રેમથી માર્ગદર્શન આપ્યું. સ્વ.ભાનુબેને માતૃભાષામાં રહેલા માધુર્યથી પરિચિત કર્યો. મારામાં સાહિત્ય-વાંચન પ્રત્યેની રૂચિ ઉભી કરી.

આ તબક્કે એક અંગત વાત કરી લઉં. શરૂઆતમાં મારા અક્ષર સારા નહોતા. અને મારે સુલેખન સ્પર્ધામાં ભાગ લેવો હતો, એ સમયે એમણે ખૂબ સરસ રીતે મારી આ ત્રુટિ તરફ નિર્દેશ કર્યો અને કેવી રીતે અક્ષર સુધારવા એનું માર્ગદર્શન આપ્યું. અને સુલેખન સ્પર્ધામાં મને બીજો નંબર મળ્યો. આ વાત અત્યારે એટલે યાદ આવે છે કે બાળકમાં રહેલી અસીમ ક્ષમતાને બહાર લાવવી એ પ્રત્યેક શિક્ષકનું કર્તવ્ય હોય છે પરંતુ આજે આવા કર્તવ્યનિષ્ઠ શિક્ષકો શોધવા મુશ્કેલ છે. મને ગર્વ છે કે આવા શિક્ષકો મને મળ્યા હતા. પૂ.ચંદુભાઈએ પણ ખૂબ સરસ ગુજરાતી શીખવ્યું, અને ગુજરાતી ગિરાના ગૌરવને પ્રતિપાદિત કરતાં શીખવ્યું. આ બંને શિક્ષકો તથા સ્વ.ગુણવંતીબેનના શિક્ષણથી હું ગુજરાતીમાં મારા વિષયને લગતું પુસ્તક લખી શકયો.

સ્વ.દેવેન્દ્રભાઈએ ખૂબ ધૈર્યથી મને સંસ્કૃત શીખવ્યું. એમના પ્રોત્સાહનથી હું રાજ્યકક્ષાની સંસ્કૃત ભૂષણ સ્પર્ધામાં પ્રથમ આવી શકયો. સંસ્કૃત ઉપરનું મારુ પ્રભુત્વ આગળ જતા આધ્યાત્મિક પુસ્તકોના અર્થઘટનમાં ખૂબ કામ લાગ્યું. આપણી સંસ્કૃતિના ધરોહરસમા સંસ્કૃત ગ્રંથોને મૂળ સ્વરૂપે વાંચી શકયો. પૂ.કાંતિભાઈએ ગણિત શીખવ્યું. ખૂબ મહેનત કરાવી પુનરાવર્તન કરાવ્યું, જેથી સારા માર્કસથી ઉત્તીર્ણ થઈ જીવનની નિર્ધારિત યોગ્ય દિશા પકડી શકયો. સ્વ.શ્રી દિનુભાઈ તથા સ્વ.શ્રી સુરેન્દ્રભાઈએ



Dr. Sudhirbhai Shah

વિજ્ઞાન તરફની અભિરૂચી કેળવવામાં મદદ કરી. પૂ.બાબુભાઈએ હિંદી ભાષાનું સઘન જ્ઞાન આપી રાષ્ટ્રભાષાની ગરિમા જાળવતા શીખવી જેનાથી આજે હિંદીમાં પુસ્તક લખવામાં સફળ થયો અને હિંદીમાં આત્મવિશ્વાસથી ભાષણ આપી શકું છું. પૂ.ગિરિશભાઈએ ઈંગ્લીશ શીખવ્યું. વ્યાકરણ સરસ રીતે શીખવ્યું અને ભાષાભંડોળ વધારવાનું માર્ગદર્શન આપ્યું. જેનાથી ઈંગ્લીશમાં ભાષણ આપી શકું છું, અને સફળ પુસ્તક પણ લખી શકયો છું.

આજે જીવનમાં પાછો વળી જોઉં છું ત્યારે મારી સારી-નરસી પરિસ્થિતિ સાથે રહેનાર મારા સંનિષ્ઠ મિત્રો - સહધ્યાયીઓ દેખાય છે. આવા કલ્યાણમિત્રોના સાથથી મારું જીવન સભર થયું છે. મિત્રોએ મારી મર્યાદાઓ સાથે મને સ્વીકાર્યો છે. અઢળક

## ડો.સુધીર શાહને પદ્મશ્રી પુરસ્કાર

ડો.સુધીર શાહ અમદાવાદના નામાંકિત ન્યુરોલોજીસ્ટ છે અને વી.એસ.હોસ્પીટલના ન્યુરોલોજીના પ્રોફેસર પણ છે. ન્યુરોલોજી અંગેના વિવિધ સંશોધનો સાથે તેઓ સંકળાયેલા છે અને છેલ્લા ૨૦ વર્ષથી તેઓ આ ક્ષેત્રમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે.

આ વર્ષે ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિને આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી, ડો.સુધીર શાહને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા, જે માટે શાળા ગૌરવ અનુભવે છે. ભાઈ સુધીરભાઈને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

...અનુસંધાન પાના નં. ૧૫ >

પ્રેમ છલકાવ્યો છે. સહકાર આપ્યો –માર્ગદર્શન આપ્યું છે. આવા પ્રેમાળ મિત્રો આપવા બદલ શાળાનો હૃદયપૂર્વક આભાર માનું છું. શાળામાં થતી ઈતર પ્રવૃત્તિઓથી જીવનમાં રહેલી મૌલિકતા બહાર આવે છે અને એની અસર આજીવન રહે છે. એકવાર નાટકમાં કવિ મફતલાલ બનેલો, એ વાત આજે પણ મારા બાળકો રસપૂર્વક સાંભળે છે. શાળાના સ્થાપનાદિન તથા ટીચર્સ – ડેની કાગડોળે રાહ જોતો. સ્થાપનાદિને અમે ભાઈઓ બહેનોના સહકારથી વર્ગ શણગારી બહેનોને રસોઈ કરવામાં મદદ કરી આચાર્યશ્રી પર સારી છાપ પાડવા પ્રયત્નો કરતાં! શરૂઆતના ડર બાદ એમાં પણ આત્મવિશ્વાસ વધ્યો. આગળ જતાં સંગીત પ્રત્યે રૂચિ થઈ અને કલાસીકલ ગાયન-વાદનની કેળવણી લીધી. ટીચર્સ ડેના દિવસે નાના શિક્ષક બની શિક્ષકોનું અનુકરણ કરવાના પ્રયત્નો કરતાં, આ બધી ઉજવણીનો રોમાંચ અવર્ણનીય હતો. આવી અગણિત યાદોથી જીવન મધુર બન્યું છે.

આમ ઋષિતુલ્ય ગુરૂઓ આપવા બદલ તથા આજીવન સાથ આપનારા સંનિષ્ઠ મિત્રોના પ્રદાન બદલ શારદામંદિર સ્કૂલનું ઋણ સ્વીકાર કરું છું અને આભાર વ્યક્ત કરૂં છું અને માતૃસમાન સંસ્થા શારદામંદિર વિનયમંદિરને ચરણે મસ્તક ઝૂકાવું છું.

*–ડૉ. સુધીર શાહ*
*(ભૂતપૂર્વ વિદ્યાર્થી )*

# ગણિત ગમ્મત


*સંકલન: વિજયભાઈ રાવલ*

૧) ખૂટતી સંખ્યા શોધો:


| | | |
|---|---|---|
| 5 | 4 | 3 |
| 6 | 7 | 8 |
| 4 | 2 | ? |
| 34 | 30 | 30 |

(A) 3 (B) 6 (C) 5 (D) 10

૨)




૩)




(A) 59 (B) 62 (C) 46 (D) 81

૪) જો LISTEN નો કોડ 591743 હોય, તો SILENT નો કોડ:

(A) 591734 (B) 591743
(C) 395174 (D) 391754

## કેટલીક અગત્યની સૂચનાઓ

૧) ધો.૧ થી ૧૨ના, શાળામાં હાલ ભણતા વિદ્યાર્થીઓએ કોઈ પણ કામે શાળામાં આવવાનું થાય તો ગણવેશમાં જ આવવાનું રહેશે.
૨) શાળાના આચાર્યશ્રીનો ફોન નંબર અથવા શાળાનો ફોન નંબર આપની પાસે હોવો જરૂરી છે, પણ આવશ્યક સંજોગોમાં જ ફોન કરવો.
૩) વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની શાળામાં હાજરી ૮૦% કરતાં ઓછી હશે તો પરીક્ષા આપવા દેવામાં નહી આવે. ફરજિયાત હાજરી માટે ફોર્મ ભરી ખાતરી આપવાની રહેશે.
૪) NCCમાં જોડાવા ઈચ્છતા દરેક વિદ્યાર્થીએ બેંક એકાઉન્ટ વર્ષની શરૂઆતમાં જ ખોલાવાનું રહેશે. દર રવિવારે પરેડ સવારે ૮:૦૦થી ૧૧:૩૦ સુધી રહેશે.
૫) વેકેશન દરમિયાન કાર્યાલયનો સમય સવારે ૯:૦૦થી ૧૧:૩૦નો રહેશે.
૬) શાળાનું નવું સત્ર તા. ૬-૬-૧૬ને સોમવારે સવારે ૭:૩૦ થી શરૂ થશે.
૭) શાળાની સ્થાનિક વાર્ષિક પરીક્ષાનું પરિણામ તા.૩૦-૪-૧૬ના રોજ સવારે ૯ વાગે શાળામાં આવી, રૂબરૂ વર્ગશિક્ષક પાસેથી મેળવી લેવાનું રહેશે.

## શ્રદ્ધાંજલિ



શાળાના ટ્રસ્ટની વ્યવસ્થાપક સમિતિના સભ્ય
સ્વ.પૂર્ણાબેન અનિલભાઈ મહેતાનું
તા.૨૮-૨-૧૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્થે તેવી પ્રાર્થના.

શાળાના વિનયમંદિરના કાર્યકર સ્વ.સુરેન્દ્રભાઈ દિક્ષિતનું
તા.૬-૩-૧૬ના રોજ દુ:ખદ અવસાન થયું છે.
ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.



પ્રકાશક: શારદામંદિર ટ્રસ્ટ, નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન: +91-79-26600242; ઈમેલ: shardamandir1924@gmail.com
વેબસાઈટ: www.sharadamandir.com
'શારદ'નો આ (રંગીન) અંક શાળાની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

આભાર:
'શારદ'ના આ અંકમાં સહયોગ આપવા બદલ સહુનો આભાર.



'રમતાં રમતાં વિજ્ઞાન' બાલમંદિરમાં વિજ્ઞાનમેળો



બાલમંદિરનું ક્રિડાંગણ



ધ્વજવંદન કાર્યક્રમ


પ્રકાશક

શારદામંદિર

નવા શારદામંદિર રોડ

અમદાવાદ-૩૮૦૦૦૭



ફોન :+91-79-26600242

shardamandir1924@gmail.com

www.sharadamandir.com